# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-06-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ લોકસભા અધ્યક્ષ પદ માટે આજે ચૂંટણી, ભાજપ અને કૉંગ્રેસે તેના સાંસદોને સંસદમા હાજર રહેવા વ્હિપ જાહેર કર્યો
- ✓ NEET – UG પરીક્ષા પેપર લીક મામલે મહારાષ્ટ્રના લાતુરમાં વધુ એક આરોપીની ધરપકડ, ફોનમાંથી મળ્યા પરીક્ષાઓર્થીઓના એડમિટ કાર્ડ
- ✓ રિઝર્વ બૅંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું, ભારત 8 ટકા વિકાસ દર હાંસલ કરવાની દિશામાં અગ્રેસર
- ✓ કાશ્મીરમાં વૈષ્ણોદેવી તીર્થયાત્રા માટે જમ્મૂથી વૈષ્ણોદેવી મંદિર સુધીની હેલિકૉપ્ટર સેવાનો પ્રાંરભ
- ✓ અને ગુજરાત અને મધ્યપ્રદેશ સહિત દેશના કેટલાંક ભાગોમાં છુટા છવાયા ભાગોમાં આગામી પાંચ દિવસ દરમિયાન પશ્ચિમ અને ઉત્તર પૂર્વ ભારતમાં ભારે વરસાદની આગાહી

## *LOKSABHA SPEAKER*

**18મી લોકસભાના અધ્યક્ષ માટેની ચૂંટણી આજે થવા જઈ રહી છે. ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ સાંસદ ઓમ બિરલા આ પદ માટે રાષ્ટ્રીય લોકતાંત્રિક દળ-એનડીએના ઉમેદવાર છે.**

**વિપક્ષી ઇન્ડિયા ગઠબંધન તરફથી કૉંગ્રેસના કે. સુરેશને ઉમેદવાર બનાવાયા છે. બંને ઉમેદવારોએ ગઈકાલે અધ્યક્ષ પદ માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું. સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજૂએ કહ્યું કે લોકસભા અધ્યક્ષની ચૂંટણી સર્વસંમ્મતિ અને નિર્વિરોધ થવી જોઈએ.**

તેમણે કહ્યું કે સરકારે વિપક્ષી દળો સાથે સહમતી વિશે વાત કરી હતી. વિપક્ષે આ અંગે કેટલીક શરતો મૂકી હતી, અને ઉપાધ્યક્ષ પદની માગ કરી હતી. શ્રી રિજિજૂએ કહ્યું કે સહમતિમાં કોઈ શરત ન હોવી જોઈએ. તેમણે વિપક્ષી દળોને પોતાના નિર્ણય પર વિચાર કરવાનો આગ્રહ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયેલે ગઈકાલે સંસદ પરિસરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે રાજનાથસિંહ અને અમિત શાહે આ મુદ્દે કોંગ્રેસ નેતા કે.સી. વેણુગોપાલ અને ડીએમકે સાંસદ ટીઆર. બાલુ સાથે વાત કરી હતી.

તો કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પત્રકારોને જણાવ્યું કે વિપક્ષ લોકસભા અધ્યક્ષ સાથે એનડીએ ઉમેદવારને સમર્થન આપવા માટે તૈયાર છે, જો ઉપાધ્યક્ષ પદ વિપક્ષના નેતાને આપવામાં આવે.

.................

## *NEET _ CBI*

NEET – UG પરીક્ષાના પેપર લીક મામલે મહારાષ્ટ્રની લાતુર પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે.

આ શખ્સનું નામ સંજય યાદવ છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ચારમાંથી બે લોકોની ધરપકડ કરાઈ છે. લાતુરના શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં ચાર લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ પૂર્વે 23 જૂનના રોજ લાતુર જિલ્લા પરિષદના શિક્ષક જલિલ ખાન પઠાણની ધરપકડ કરાઈ હતી.

પોલીસ તપાસ દરમિયાન સંજય યાદવ અને જલિલ ખાનના ફોનમાંથી પરીક્ષામાં બેસનારા 12 વિદ્યાર્થીઓના એડમિટ કાર્ડ મળી આવ્યા હતા. પોલીસનું માનવું છે કે આરોપીઓ પાસે વિદ્યાર્થીઓ અને વાલીઓને પરીક્ષામાં માર્ક્સ વધારી આપવા માટે લાખો રૂપિયાની માગ કરી હોઈ શકે.

પ્રાથમિક તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે દિલ્હીના એક શખ્શે આ આરોપીઓની મદદ કરી હતી, જેની તપાસ હાલ ચાલી રહી છે, દરમિયાન સંજય યાદવને ગઈકાલે સ્થાનિક કોર્ટમાં રજૂ કરાયો હતો, જ્યાં કોર્ટે તેને 2 જુલાઈ સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી આપ્યો હતો.

.................

## *RBI GOVERNOR*

રિઝર્વ બૅંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું છે કે દેશ આર્થિક વિકાસ સંદર્ભે મહત્વપૂર્ણ માળખાકીય ફેરફારોમાંથી પસાર થવા જઈ રહ્યો છે, અને 8 ટકા વિકાસ દર હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

ગઈકાલે બોમ્બે વેપાર અને ઉદ્યોગ સંઘની 108મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધિત કરતા તેમણે કહ્યું કે ભારતની વિકાસ ગાથામાં વિવિધ ક્ષેત્રો અને વિવિધ માળખાગત સુધારાઓનો ફાળો છે, વસ્તુ અને સેવા કર તેમાં સર્વોપરી છે. શક્તિકાંત દાસે કહ્યું છે કે અન્ય દેશોની સરખામણીએ ભારતમાં જીએસટી અત્યંત ઝડપથી સ્થાપિત થયો. વધુમાં તેમણે ઉમેર્યું કે માસિક જીએસટી સંગ્રહ એક લાખ, 70 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છેં, અને તેનાથી વેપાર વધુ સરળ બન્યો છે.

.................

## *NEW CRIMINAL LAW*

દેશભરમાં પહેલી જુલાઈથી નવા ગુનાખોરી કાયદા લાગુ થવા જઈ રહ્યા છે. આ કાયદા લાગુ થવાની સાથે ભારતીય દંડ સહિતા એટલે કે IPCને સ્થાને ભારતીય ન્યાય સંહિતા 2023, ક્રિમિનલ પ્રોસિજર કોડ એટલે કે CRPCને બદલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023 અને ઇન્ડિયન એવિડેન્સ એક્ટને સ્થાને ભારતીય સાક્ષ્ય અધિનિયમ 2023 લાગુ થશે.

નવા ગુનાખોરી કાયદાઓ દ્વારા લોકોને ત્વરિત ન્યાય મળે એ સુનિશ્ચિત કરવાનો હેતુ છે.

આ માટે નવી તકનિકને ન્યાય પ્રક્રિયામાં સામેલ કરવામાં આવી છે. ભારતીય ન્યાય સંહિતા 2023 કાયદાકીય પ્રક્રિયામાં પારદર્શિતા અને પીડિતની ભાગીદારીને પ્રોત્સાહન આપે છે.

.................

## *PM MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે.

એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *JAMMU KASHMIR HELICOPTER*

કાશ્મીરમાં વૈષ્ણોદેવી તીર્થયાત્રાને પ્રોત્સાહન મળે એ હેતુથી જમ્મુનાં પંછી હેલીપેડથી માતા વૈષ્ણો દેવી સુધી હેલિકૉપ્ટર સેવાની શરૂઆત કરાઈ છે.

આકાશવાણી જમ્મુના અમારા સંવાદદાતા જણાવે છે કે આ સેવા તીર્થસ્થળ સુધી પરિવહનનો સુવિધાજનક અને આરામયદાયક વિકલ્પ પૂરો પાડ઼શે. જમ્મુથી વૈષ્ણોદેવી માટે સીધી હેલિકૉપ્ટર સેવા આફતની સ્થિતિમાં પાર પાડવાની ક્ષમતામાં વધારો કરશે.

આ સેવા પ્રતિ દિવસ ઉપલબ્ધ રહેશે. પ્રત્યેક દિવસે 4 ઉડાનો સંચાલિત થશે. ઓછામાં ઓછા ચાર શ્રદ્ધાળુઓએ બૂકિંગ કરાવ્યું હશે ત્યારે જ ઉડાન ભરવામાં આવશે. શ્રાઈન બોર્ડે સુવિધાનો લાભ લેવા ઇચ્છુક શ્રદ્ધાળુઓ માટે બે પેકેજ રજૂ કર્યા છે, જેમાં એક દિવસમાં પાછા આવવા પર શ્રદ્ધાળુએ 30 હજાર રૂપિયા, જ્યારે બીજા દિવસે પરત આવવા પર 60 હજાર રૂપિયાની કિંમત ચૂકવવાની રહેશે. શ્રદ્ધાળુઓ આ હેલિકોપ્ટર સેવા માટે શ્રાઇન બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.maavaishnodevi.orgથી બુકિંગ કરાવી શકશે.

.................

## *WEATHER*

ભારતીય હવામાન વિભાગે આજે અને આવતીકાલે ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ સહિત પશ્ચિમ મધ્યપ્રદેશમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, શુક્રવાર સુધી દરિયાકાંઠાના કર્ણાટક,તમિલનાડુ, કેરળ,તેલંગાણા, તટીય આંધ્ર પ્રદેશ, વિદર્ભ, પશ્ચિમ મધ્ય પ્રદેશ, પૂર્વ મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં તેમજ ગુજરાતમાં 29 જૂન સુધી છૂટાછવાયા વરસાદની શક્યતા છે. હવામાનની આગાહી મુજબ ગત રાત્રીએ દિલ્હી તેમજ ઉત્તર પ્રદેશના કેટલાક સ્થળોએ છૂટો છવાયો વરસાદ પડ્યો હોવાના સમાચાર છે.

.................

## *JAYSHANKAR AFRICA*

વિદેશમંત્રી ડૉ. જયશંકરે કહ્યું છે કે આફ્રિકા ભારતની પ્રાથમિકતાઓમાં ટોચ પર રહેશે.

ગઈકાલે નવી દિલ્હીમાં આફ્રિકા દિવસ સમારોહમાં સંબોધન કરતા તેમણે કહ્યું કે આફ્રિકા સાથે ભારતની ભાગીદારી કુટનૈતિક ચિંતાઓ અને આર્થિક લાભોથી ઉપર છે.

તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના દસ માર્ગદર્શક સિદ્ધાંતોને રેખાંકિત કરીને આફ્રિકામાં ભારતની ભાગીદારીને ફરીથી વ્યાખ્યાયિત કરી છે. તેમાં સ્થાનિક ક્ષમતા અને સ્થાનિક તકોનું સર્જન કરીને આફ્રિકાની ક્ષમતા વધારવા, બજારોને ખુલ્લા રાખવા તેમજ આફ્રિકાના વિકાસને સમર્થન આપવા માટે ડિજીટલ ક્રાંતિની સાથે સાથે ભારતના અનૂભવોની આપ-લે કરવાની પ્રતિબદ્ધતા સામેલ છે.

ભારત કેવી રીતે તકનિક અને આર્થિક સહકાર કાર્યક્રમ અંતર્ગત આફ્રિકી ઉમેદવારોની ક્ષમતાનું નિર્માણ અને પ્રશિક્ષણ પ્રદાન કરવામાં આગળ વધી રહ્યું છે, એ વિશે પણ તેમણે વાત કરી હતી. વેપાર તેમજ આર્થિક મોર્ચે ભારત અંદાજે 100 બિલિયન ડૉલરના દ્વિપક્ષીય વેપાર અને 75 બિલિયન ડૉલરથી વધારે રોકાણ સાથે આફ્રિકાનું સૌથી મોટું વેપારી ભાગીદાર બન્યું છે.

.................

## *T20 WORLD CUP*

આઇસીસી ટી-ટ્વેન્ટી વિશ્વકપની પ્રથમ સેમિફાઇનલમાં આવતીકાલે અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે.

આ મૈચ ત્રિનિદાદના બ્રાયન લારા સ્ટેડિયમમાં રમાશે. બીજી સેમિફાઇનલ મેચમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો થશે. આ શનિવારે બારબેડૉસમાં ફાઇનલ મેચ રમાશે.

.................